# રાજકોટ તાલુકાના સણોસરા ગામેથી સરદાર એકતાયાત્રાનો પ્રારંભ થયો

। રાજકોટ ।

રાજકોટ તાલુકાના સણોસરા ગામેથી આજે એકતાયાત્રાનો પ્રારંભ કરાવાયો છે. નર્મદા ઉપર બંધાયેલા સરદાર સરોવરમાં સાધુ બેટ પાસે ઉભી કરાયેલી વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મિટરની પ્રતિમાને ખૂલ્લી મૂકવા પૂર્વે જન જાગરણ માટે યાત્રા નિકળી છે. સરદાર એકતાયાત્રાના રથમાં સરદાર સરોવરનું મીનીએચર તેમજ પ્રતિમાને લગતી વિગતો ઉપરાંત સરદારના જીવન ચરિત્રના મહત્વના અંશોને આવરી લેતી ડોક્યુમેન્ટરી પણ રાખવામાં આવી છે.આ યાત્રા રાજકોટ જિલ્લાના ૧૯૦ ગામડામાં સરદારનો સંદેશ પહોંચાડશે. જિલ્લા તંત્ર દ્વારા સરદારના જીવન અને તેમણે કરેલા કાર્યો અંગે પત્રિકાઓ પણ રાખવામાં આવી છે. જેનું વિતરણ પણ કરવામાં આવશે. જિલ્લા તંત્ર દ્વારા બે તબક્કામાં યાત્રા યોજવામાં આવી રહી છે જેમાં પ્રથમ તબક્કો શરૂ થયો છે જે ૨૪ સુધી



ચાલશે. સરદાર એકતા યાત્રાને લીલીઝંડી આપવા માટે યોજાએલા કાર્યક્રમમાં સાંસદ મોહનલાલ કુંડારીયા, જિલ્લા ભાજપના ડી.કે. સખીયા, કલેકટર રાહુલ ગુપ્તા, ડી.ડી.ઓ. રાણાવસિયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.